# ડીસા અને દાંતીવાડા તાલુકામાં ભેદી ધડાકો ?

પુલવામામાં પાક. પ્રેરિત આતન્કવાદી હુમલા બાદ ભારતની એર સટ્રાઇક ના કારણે સરહદે તંગદિલી છવાયેલી છે ત્યારે પાકિસ્તાન સાથે સરહદ ધરાવતા બનાસકાંઠા જિલ્લાના ડીસા અને




દાંતીવાડા તાલુકાના લોકો મઁગલવાર ની રાતે સુવાની તૈયારી કરતા હતા તે દરમ્યાન આકાશમાં સુપરસોનિક જેવા વિમાનોની પ્રચંડ ગર્જના સાથે આકાશમાં અજવાળું દેખાતા લોકોમાં દહેશતનો માહોલ છવાયો હતો.

જેથી આ મુદે લોકો એકબીજાને પૂછપરછ કરતા ઉતેજના છવાઈ હતી જો કે ઉલ્કા ખરવાના કારણે અજવાળું થયાનું અનુમાન છે જયારે સુરક્ષા સજ્જતા ચકાસવા વાયુ સેના ની કવાયત કે નાણી એરફોર્સ અથવા દાંતીવાડા બી.એસ.એફ.કેમ્પની તાલીમ હોવાનું જણાય છે પરન્તુ તંત્ર દ્વારા કોઈ સમર્થન સાંપડ્યું નથી તેથી રાતના સુમારે વિમાનોની ગર્જના અને ધડાકાનું રહસ્ય અકબંધ. રહેવા પામ્યું છે.

### આર.આર.સેલ. ગાંધીનગરે ભિલોડાના શોભાયડા ગામે

# વિદેશી દારૂના કટિંગ પર ત્રાટકી ૧.૩૩ લાખ દારૂ અને બે વાહનો જપ્ત

ભિલોડા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં ભિલોડા પંથકમાં ગ્રામ્ય વિસ્તારોમાં પરપ્રાંતીય બુટલેગરો સ્થાનિક બુટલેગરો સાથે મળી રાજસ્થાનમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી કટિંગ કરી નાના વાહનો મારફતે રાજ્યમાં અને જીલ્લામાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ સપ્લાયનો ધંધો ધમધમી રહ્યો છે. ગાંધીનગર આર.આર.સેલે. ભિલોડાના શોભાયડા ગામ નજીક વિદેશી દારૂનું કટિંગ ચાલતું હતું ત્યારે ત્રાટકી ૧.૩૩ લાખનો વિદેશી દારૂ અને બોલેરો જીપ સહીત સ્વીફ્ટ ડિઝાયર કાર સહીત રૂ.૯૩૩૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ રેડ જોઈ નાસી છૂટેલા બુટલેગરોને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડાના શોભાયડા ગામ નજીક કાંતિભાઈ સવજીભાઈ કટારાના ઘર નજીક વિદેશી દારૂનું કટિંગ ચાલતું હોવાની બાતમીના



આધારે ગાંધીનગર આર.આર. સેલની ટીમ ત્રાટકી ઘર આગળ કમ્પાઉન્ડમાં નંબર વગરની બોલેરો જીપમાંથી ભરેલો વેદેશી દારૂ સ્વીફ્ટ ડિઝાયર કાર (ગાડી.નં-પ્ન્ન ૦૧. આરબી.૬૯૩૩)માં વિદેશી દારૂનું કટિંગ નિષ્ફળ બનાવ્યું હતું. પોલીસે જીપ, કાર અને ઢાળિયામાં છુપાવી વિદેશી દારૂની બોટલ-ટીન નંગ-૫૮૬ કી. રૂ.૧૩૩૬૦૦નો જથ્થો જપ્ત કરી બોલેરો જીપ કી. રૂ. ૪૦૦૦૦૦ તથા સ્વીફ્ટ ડિઝાયર કાર કી. રૂ. ૪૦૦૦૦૦ મળી કુલ રૂ. ૯૩૩૬૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી પોલીસ રેડ જોઈ ફરાર કાંતિભાઈ સવજીભાઈ કટારા (રહે, શોભાયડા) અને બીજા ૫ થી ૭ ઈસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### એસ.એસ.સી.બોર્ડની પરીક્ષામાં પાલનપુરની

# નૂતન હાઈસ્કુલમાં પરીક્ષા આપતો ડમી પરીક્ષાર્થી ઝડપાયો

ગુજરાત રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાઓ હવે અંતિમ ચરણમાં છે. જ્યાં પાલનપુરની હનુમાન ટેકરી સ્થિત નૂતન હાઈસ્કુલમાં મંગળવારે સંસ્કૃતની પરીક્ષા આપતો ડમી પરીક્ષાર્થી ઝડપાઇ જતાં તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુજરાત માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવાઈ રહી છે. આ પરીક્ષા પૂર્ણ થવાના આરે છે. ત્યાં પાલનપુર હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલી નૂતન હાઈસ્કુલમાં મંગળવારે સવારે ધોરણ ૧૦નું સંસ્કૃતનું પેપર લેવાઈ રહ્યુ હતુ. તે સમયે સુપરવાઈઝરને એક પરીક્ષાર્થી ઉપર શંકા જતા તેની રિસીપ્ટ ચેક કરવામાં આવી હતી. જેમાં વી. જે. પટેલ હાઈસ્કુલના હરેશકુમાર સરદારભાઈ ગોળની જગ્યાએ ધવલ રામજીભાઈ ચૌધરી પરીક્ષા આપવા બેઠો હોવાની ચોકાવનારી વિગતો બહાર આવી હતી.

આ અંગે જેથી દ્વારા શિક્ષણ વિભાગને જાણ કરવામાં આવી હતી. જેથી શિક્ષણ વિભાગની ટીમ નૂતન હાઈસ્કુલ ખાતે દોડી આવી હતી. અને ડમી પરીક્ષાર્થી ધવલ ચૌધરીને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



**શામળાજી મંદિરમાં ફાગણ સુદ પૂર્ણિમા માના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર**

ફાગણ સુદ પૂર્ણિમા એટલે હોલીકા દહનનો તહેવાર. હોળીના તહેવારનું ધાર્મિક સ્થાનોમાં હોળીના ઉત્સવનો અનેરો મહિમા હોય છે. ત્યારે ઉત્તર ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ફાગણી પૂનમ નિમિત્તે ભગવાન દેવ ગદાદાર શામળિયાના દર્શન માટે હજારો ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. ભગવાન કાળીયા ઠાકરના દર્શન કરવા ગુજરાત સહિત રાજસ્થાન દૂર દૂરથી અબાલ વૃદ્ધ સૌ કોઈ ભક્તો હજારોની સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને ભગવાન શામળિયાના દર્શન કરી ધન્ય થયા હતા. હોળી તહેવાર નિમિત્તે સુંદર મજાના ખાસ તૈયાર કરેલ વાઘા પહેરાવવામાં આવ્યા હતા. ભગવાન શામળિયાને સોનાના આભૂષણોથી શણગાર સજતાં કાળીયો ઠાકોર અલૌકિક દર્શનની અનુભૂતિનો અહેસાસ દર્શનાર્થીઓએ અનુભવ્યો હતો. ભૂદેવો દ્વારા આખા દિવસ દરમિયાન વૈદિક ઉપચારો અને મંત્રો સહિત તમામ મનોરથોની પૂજા અર્ચના પણ કરાઈ હતી. ત્યારે ભગવાન શામળિયાના દર્શન કરી તમામ ભક્તોએ મનોકામના પૂર્ણ કરી હોય એવો ભાવ પ્રકટ કર્યો હતો.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતના કર્મચારીએ ઝેરી પ્રવાહી ગટગટાવતા ચકચાર

### સારવાર દરમીયાન કર્મચારીનું નિપજ્યુ મોત પરીવારમાં શોક છવાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પંચાયત હિસાબી સાખામાં ફરજ બજાવતા એક કર્મચારીએ માનસીક ત્રાસથી ઝેરી પ્રવાહી ગટગટાવતા પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડતી વખતે કર્મચારીનું મોત નિપજ્યુ હતુ.જેથી પરીવારમાં શોક છવાયો છે.

વડગામ તાલુકાના મેમદપુર ગામે રહેતા અને જિલ્લા પંચાયતમાં હિસાબી સાખામાં સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા લલીતભાઈ રાવલ ઓફીસેથી ઘરે જઇ ઝેરી દવા ગટગટાવી લીધી હતી.જેની જાણ તેમના પરીવારને થતા પરીવારના સભ્યો લલીતભાઈને પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા હતા.પરંતુ લલીતભાઈની હાલત ગંભીર જણાતા ફરજ ઉપરના તબિબે વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાનું જણાવ્યુ હતુ.



જેથી લલીતભાઈનું રસ્તામાં મોત નિપજતા મૃતદેહને પાલનપુર સિવિલમાં પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો.આ અંગે મૃતકના પરીવારના રાજુભાઈ રાવલએ જણાવ્યુ હતુ કે લલીતભાઈને હિસાબી શાખાના અધિકારી કેતન પટેલ દ્વારા કામ બાબતે ત્રાસ આપવામાં આવતો હતો.જેથી ના છુટકે કંટાળી લલીતભાઈએ સેલફોસની દવા ખાઈ આપઘાત કર્યો છે.જ્યારે આ બાબતે હિસાબી અધિકારી કેતન પટેલે જણાવ્યુ હતુ કે અમારી ઓફીસમાં આ પ્રકારની કોઈ બોલાચારી થઈ નથી.જો.કે.આ ઘટના બાબતે વડગામ પીએસઆઈએ જણાવ્યુ હતુ કે આ ઘટનામાં કોઈ ફરીયાદ પોલીસ ચોપડે નોંધાઈ નથી.

# પાલનપુર જુના આર.ટી.ઓ નજીક બે ડમ્પર વચ્ચે અકસ્માત

### બેફામપણે દોડતા ડમ્પર ચાલકો સામે કાર્યવાહી ક્યારે ?

પાલનપુર-આબુહાઈવે પર જુના આર.ટી.ઓ નજીક આજે બે ડમ્પરો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જોકે, સદ્નસીબે અકસ્માતમાં જાનહાનિની ઘટના ટળી જતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. જુના આર.ટી.ઓથી રાજપુર તરફ જવાના માર્ગમાં ચાલી રહેલા રેલ્વેના કામમાં રેતી ભરીને આવતા ડમ્પરો બેફામપણે ચાલતા હોઈ અવાર-નવાર અહી ગમખ્વાર અકસ્માતો સર્જાય છે તેમાં વધુ એક અકસ્માત સર્જાતા હવે બેફીકરા ડમ્પર ચાલકો સામે કાર્યવાહીની માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આબુરોડ તરફથી આવી રહેલ બે ડમ્પરો પાલનપુર જુના આર.ટી.ઓ રાજપુર તરફ જવાના માર્ગ પાસે ઓવરટેક કરતા સમયે અથડાયા હતા. જેને પગલે એક ડમ્પરના આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો. બનાવને પગલે આસપાસમાંથી લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. જા કે આ ડમ્પર ટકરાયા તે સમયે કોઈ અન્ય વાહન અહીથી પસાર ન થતા મોટી જાનહાનિની ઘટના ટળી ગઈ હતી. જેને પગલે સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે આ રોડ પર બેફામપણે દોડતા વાહન ચાલકો સામે કાર્યવાહીની માંગ ઉઠી છે. રાજપુર રોડ પર રેલ્વે લાઈનનું કામ ચાલી રહ્યુ છે તેમાં રેતી ભરીને મોટી સંખ્યામાં ડમ્પરો હેરાફેરી કરી રહ્યા છે અને આ ડમ્પર ચાલકો કોઈપણ પ્રકારની દરકાર લીધા વિના જ બેફામપણે ડ્રાઈવીંગ કરતા હોઈ અવાર-નવાર અકસ્માતો સર્જાય છે ત્યારે આ બાબતની ગંભીર નોંધ લઈ બેફામપણે દોડતા વાહન ચાલકો સામે પગલા ભરવામાં આવે તેવી જનમાંગ ઉઠવા પામી છે.

# પાલનપુરમાં રાજસ્થાન તરફથી આવતી લકઝરી અને એસ.ટી. બસમાંથી ૩.૬૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

લોકસભા ચુંટણી ટાણે બનાસકાંઠા જીલ્લામા દારૂ ની હેરાફેરી ને રોકવા માટે પોલીસ દ્વારા સધન વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવા મા આવી છે જેમા આજે પાલનપુર પશ્ચિમ પોલીસ ની ટીમે રાજસ્થાન પરિવહન નિગમની એક એસ.ટી બસ અને એક ખાનગી લકઝરી બસ માથી રૂ ૩.૬૮.૪૨૦ ની કિમત નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. અને દારૂની હેરાફેરી કરતા પાંચ શખ્સો ની અટકાયત કરી કુલ રૂ.૧૩.૭૯ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

રાજસ્થાન માથી મોટાપાયે ગુજરાત મા વિદેશી દારૂ ની ઘુસણખોરી કરાતી હોય છે ત્યારે લોકસભાની ચુંટણી ને લઇ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા રાજસ્થાન ને જોડતી સરહદો પર સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામા આવી છે. જેમા પાલનપુર ના ખેમાણા નજીકથી ગતરોજ એક રાજસ્થાન પરિવહન નિગમ ની બસ માંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો. જે બાદ આજે પાલનપુર ની જુની આરટીઓ કચેરી ખાતે શહેર પશ્ચિમ પોલીસની ચેકિંગ ઝુંબેશમા રાજસ્થાન તરફથી આવતી બાલાજી ટ્રાવેલ્સ ની તલાશી લેતા તેમાંથી રૂ ૧.૫૨.૫૨૦ ની કિંમત નો ૩૦૦ બોટલ વિદેશી દારૂ મળી આવતા ટ્રાવેલ્સ ના ચાલક સુરેન્દ્રસિહ જગમાલસિહ શેખાવત. કલીનર પુરણમલ ગોદુરામ ચોધરી અને બિનદયાલ રામકરણ ચોધરી નામના ત્રણ શખ્સોની અટકાયત કરવા મા આવી હતી. તેમજ દારૂ અને ટ્રાવેલ્સ મળી ને કુલ રૂ ૧૧.૬૩૫૨૦ નો મુદ્દામાલ કબ્જે કરવા મા આવ્યો હતો.

જ્યારે બીજા એક બનાવ મા પોલીસ ના ચેકીંગ દરમ્યાન રાજસ્થાન તરફથી આવતી રાજસ્થાન પરિવહન નિગમ ની એક બસ ની તલાશી લેતા બસ મા સવાર રામકિશોર મુન્નાપ્રસાદ મીસાદ અને અજીત દલજીત ભાઈ નાઇ નામના મુસાફરો પાસે થી રૂ ૨.૧૫.૯૦૦ ની કિંમત નો ૫૩૩ બોટલ વિદેશી દારૂ મળી આવતા આ બન્ને શખ્સો ની દારૂ સાથે અટકાયત કરવા મા આવી હતી અને બન્ને બનાવ મા કુલ રૂ.૧૩.૯૨.૨૫૯ નો મુદ્દામાલ જપ્ત કરી પાંચ આરોપીઓ વિરુદ્ધ પશ્ચિમ પોલીસ મથકે પ્રોહીબીશન એકટ મુજબ કાર્યવાહી કરવા મા આવી હતી આમ પોલીસ ની વાહન ચેકીંગ ઝુંબેશ મા રાજસ્થાન પરિવહન નિગમની ની બસો અને ખાનગી ટ્રાવેલ્સ મા કરાતી વિદેશી દારૂ ની હેરાફેરી નો પર્દાફાશ થતા બુટલેગરો મા ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# સતત ૮ વર્ષથી ખંભીસરમાં યુવાનો દ્વારા ચકલી બચાવો અભિયાન

### ખંભીસર સહિત અન્ય જગ્યાએ ૧૦૦૦ કુંડા અને માળા લગાવ્યા

મોડાસા, તા. ૨૦

મોડાસાના ખંભીસરમાં છેલ્લા ૮ વર્ષથી સતત ચકલીઓ સહિતના અન્ય પક્ષીઓના અસ્તિત્વને ટકાવી રાખવા કુંડા તેમજ માળા અભિયાન ચલાવવામાં આવે છે. ચકલીઓના ગામ તરીકે જાણીતા બનેલા ખંભીસરમાં દર વર્ષે યુવાનો દ્વારા પોતાના પોકેટમનિમાંથી બચત કરી અભિયાન ચલાવવામાં આવે છે. ટીમ ખંભીસરના નામથી કામ કરતા યુવાનોના સંગઠન દ્વારા ચાલુ વર્ષે ગામમાં ઘરદીઠ બે માળા અને બે કુંડા લગાવવામાં આવ્યા છે. અને દરેક યુવાનોને પોતાના મહોલ્લામાં નિયમિત



ચણ અને પાણી ભરાય તેની જવાબદારી સોંપાઈ છે.

દર વર્ષે ઉનાળાના પ્રારંભમાં પોતાના ગામ સહિત આજુબાજુના અન્ય વિસ્તારોમાં પણ પક્ષીઓને રહેવા અને પાણી પીવાની તકલીફ ન પડે તે માટે માળા અને કુંડા લગાવવામાં આવે છે તેનો અંદાજે પચાસ હજારથી વધુ ખર્ચ યુવાનો ઉઠાવે છે. ગ્રામજનો દ્વારા પણ પોતાના ઘરઆંગણે લગાવેલા માળા અને કુંડાની યોગ્ય જાળવણી થાય તેમજ પક્ષીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટેનું આયોજન કરે છે. ટીમ ખંભીસર દ્વારા ખંભીસર સહિત આજુબાજુના અન્ય ગામોમાં ૧૦૦૦ જેટલા માળા અને કુંડા લગાવી પર્યાવરણ સહિત પક્ષીઓ બચાવવા માટેનો સંદેશ સમગ્ર સમાજને આપ્યો છે.

**પુલવામાં શહીદોના સ્મરણાર્થે કમ્પેઈનથી કામ કર્યુ**

ચાલુ વર્ષે માળા વિતરણ કરતાં પહેલા યુવાનો દ્વારા પુલવામાં હુમલાના શહિદોને યાદ કરી અભિયાન શરૂ કર્યુ હતુ અને ચકલીઘર પર પણ શહિદોના સ્મરણાર્થેના સ્ટીકર લગાવી અનોખી શ્રદ્ધાંજલી શહિદોને આપી હતી.

**પક્ષીઓ અને પર્યાવરણ બચાવવા સતત કાર્યશીલ છીએ**

આ અંગે ટીમ ખંભીસરના સપન પટેલ અને જૈમિન પટેલના જણાવ્યાનુસાર છેલ્લા ૮ વર્ષથી ગ્રામજનો અને યુવાનોના સહકારથી પક્ષીઓ બચાવાનું અભિયાન ચાલુ છે અને તે માટે તમામ ટીમ સતત કાર્યશીલ બને છે.

**અન્ય ગામોમાં પણ આ અભિયાન શરૂ થાય તે જરૂરી છે**

ખંભીસરના મહિલા અગ્રણી કામિનીબહેન પટેલના જણાવ્યાનુસાર ગામના યુવાનો દ્વારા દર વર્ષે પક્ષીઓના અસ્તિત્વ માટે ચકલીઘર અને કુંડા લગાવવામાં આવે છે ત્યારે અન્ય ગામોમાં પણ આ પ્રકારના અભિયાન ચાલુ કરવામાં આવે તો આવનાર દિવસોમાં લુપ્ત થતાં પક્ષીઓ અને પર્યાવરણને બચાવી શકાય.



**સહયોગ કૃષ્ઠ ટ્રસ્ટ આશ્રમ ખાતે સ્વદેશી જાગરણ મંચ ગુજરાત પ્રાંત સંમેલન**

દેશભરમાં સ્વદેશી ચીજવસ્તુઓનો વપરાશ વધે સ્વદેશી કારીગરોને પ્રોત્સાહિત થાય તે માટે સ્વદેશી જાગરણ મંચ દ્વારા સ્વદેશી અપનાવો દેશ બચાવોના અભિયાન સાથે કામ કરી રહ્યું છે. ત્યારે અરવલ્લી જિલ્લા સાબરકાંઠા જિલ્લાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત પ્રાંત સંમેલન સહયોગ ટ્રસ્ટ રાજેન્દ્રનગર ખાતે યોજાયું હતું. જેમાં રાજ્યભરમાંથી દરેક જિલ્લાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. એક દિવસ ગુજરાત પ્રાંત સંમેલનમાં અખિલ ભારતીય સંગઠનના વડા કાશ્મીરી લાલજી, પ્રાંત પ્રચારક રાષ્ટ્રીય સ્વયંસેવકના ડો.ભરતભાઈ પટેલ, રમેશભાઈ દવે, ડૉક્ટર મહેન્દ્રસિંહ ચૌહાણ, સહયોગ ટ્રસ્ટના સુરેશભાઈ સોની, માર્ગદર્શનમાં સ્વદેશી અપનાવો સંયુક્ત કુટુંબ અને દેશ હિતની વાતો કરી સ્વદેશી જાગરણના રાજ્યના કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ચૈતન્યકુમાર ભટ્ટ, પ્રાંત સંયોજક જ્યોતિન્દ્ર મિસ્ત્રી, નિવેદન ભટ્ટ, ધીમાન ભટ્ટ, અરવલ્લી જિલ્લા સંયોજક નિલેશ જોષી દ્વારા સમગ્ર ગુજરાત પ્રાંત સંમેલનને સફળ બનાવવામાં આવ્યો હતો.

### બાયડના રૂઘનાથપુરા (પાતેડી) ગામે

# ગાંજો વેચવાનો કૌભાંડનો પર્દાફાશ ૨૨ હજારના ગાંજા સાથે એક ઝડપાયો

અરવલ્લી જીલ્લામાં યુવાધન નશાના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે. દિનપ્રતિદિન ફિલ્મી દ્રશ્યોની જેમ સિગારેટમાં ગાંજો ભરી કશ ખેંચતા અનેક યુવાનો ચોક્કસ પાન પાર્લર અને ગાંજો વેચાણ થતા સ્થળો પર સાંજના સુમારે ટોળેટોળા ઉમટી પડી છે. બાયડ તાલુકાના રૂઘનાથપુરા (પાતેડી) ગામના રૂપસિંહ કાળુસિંહ પરમાર નામના શખ્સને ૨ કિલોથી વધુના જથ્થા સાથે બાયડ પોલીસે ઘરેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડ પીએસઆઈ બ્રમભટ્ટ અને તેમની ટીમે રૂઘનાથપુરા (પાતેડી) ગામના રૂપસિંહ કાળુસિંહ પરમાર નામના શખ્સના ઘરે રેડ કરી તેના ઘરે મકાઈ ભરવાના કાપડના થેલામાં સંતાડી રાખેલો ૨ કિલો ૨૦૦ ગ્રામ ગાંજાનો જથ્થો કી. રૂ.૨૨૦૦૦ તથા રોકડ રકમ ૪૫૦ મળી કુલ રૂ.૨૨૪૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ગાંજાનો કાળો કારોબજાર ચલાવતા રૂપસિંહ કાળુસિંહ પરમારને ઝડપી પાડી ધી એન.ડી.પી.એસ એક્ટ કલમ-૮ સી,૨૦ (બી) મુજબ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# પાટણ જિલ્લાની વિવિધ કચેરીઓમાં પાણીના કુંડા અને પક્ષીઓના માળા લગાવાયા

પાલનપુર, તા. ૨૦

આજે પરિસ્થિતી બદલાઇ રહી છે અને શહેરી વિસ્તારમાં ચકલીઓ ચિંતાજનક પ્રમાણમાં ઘટી રહી છે, ત્યારે ગ્લોબલ વોર્મિંગના જમાનામાં અત્યારે પર્યાવરણ જતન માટે ભાર આપવામાં આવી રહ્યો છે.

લોકસેવાને વરેલા એવા જીલ્લા કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શન અને પ્રેરણા થકી જીલ્લામાં વર્ગ-૧ અને ૨ના અધિકારીઓએ ભેગા મળી ધી ગવર્ન્મેંટ ઓફિસર્સ ચેરિટેબલ એન્ડ રીક્રીએશન ક્લબની સ્થાપના કરવામાં આવી છે અને તેના હેતુઓને સાર્થક કરતા વિવિધ પ્રવૃતિ કરવામાં આવી રહી છે અને સમાજને પ્રેરણાદાયક કાર્યક્રમના ભાગરુપે પર્યાવરણ જતન માટેના હકારાત્મક અભિગમને સાર્થક કરવા કલેક્ટર આનંદ પટેલની પ્રેરણાથી ગવર્ન્મેંટ ઓફિસર્સ એન્ડ ચેરિટેબલ ક્લબના અધિકારીઓ દ્વારા આજે ૨૦મી માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસે પાટણ જિલ્લાની વિવિધ કચેરીઓમાં પાણીના કુંડા અને પક્ષીઓના માળા લગાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ તબક્કે જીલ્લા કલેક્ટર આનંદ પટેલે કલેક્ટર કચેરીના પ્રાંગણમાં પક્ષીઓને પાણી પીવા માટેના કુંડા અને પક્ષીઓના માળા જાતે હાજર રહી લગાવી અને પર્યાવરણ જતન માટે પ્રેરણા પુરી પાડી હતી. આ તબક્કે તેઓએ ઝડપથી બદલાતા ટેકનોલોજીના યુગમાં માનસિક તણાવ દુર કરવા માટે પર્યાવરણ જતન માટેની નાની



નાની પ્રવૃતિઓ મહત્વ ધરાવે છે તેમ જણાવ્યું હતું અને અને સમગ્ર વર્ષ દરમિયાન કુંડામાં નિયમિત પાણી ભરવા જે તે કચેરીના અધિકારી અને કર્મચારીને સ્વેચ્છાએ સેવાભાવી કામ કરવા જવાબદારી સોંપી હતી.

ઓફિસર્સ કલબના અધિકારીઓ દ્વારા કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી, ખેતીવાડી કચેરી, ખેડુત તાલીમ કેન્દ્ર, જિલ્લા આયોજન કચેરી, વન વિભાગની કચેરી, ગ્રામ વિકાસ એજન્સીની કચેરી, જિલ્લા પંચાયત ક્વાર્ટર સહિત વિવિધ કચેરીઓમાં ૧૦૦ જેટલા કુંડા અને ૫૦ જેટલા પક્ષીઓના માળા વૃક્ષો ઉપર સલામત જગ્યાએ લગાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડીઆરડીએના નિયામક ડી.એલ.પરમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી એમ.એન.ચૌહાણ, નાયબ જિલ્લા ચુંટણી અધિકારી એમ.પી. પટેલ, જિલ્લા ઉદ્યોગ કેદ્રના એસ.વી. સોલંકી, જિલ્લા આયોજન અધિકારી હિતેશ શુક્લા, જીલ્લા ખેતીવાડી અધિકારી શૈલેષભાઈ પટેલ વિગેરેએ સમાજને એક પ્રેરણા પુરી પાડનાર ઉદાહરણ મળી રહ્યુ છે.